સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત


# શ્રી જે બી પ્રાથમિક શાળા ખાતે ટીચર્સ ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં બુધવારથી શુક્રવાર સુધી હાર્ટફુલનેસ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ટીચર્સ ટ્રેનિંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત પ્રેરણા વિષયે હાર્ટફુલનેસ એટલે કે હૃદય સાથે જોડાણ કરવા માટે ધ્યાન, પ્રાણાહુતિ એક ઊર્જા છે, શિક્ષક કોણ છે ? શિક્ષણજીવનની વર્તમાન પરિસ્થિતિ, જીવન જીવવા માટે હૃદયકેન્દ્રી શિક્ષણ અને શીખવનારના વિવિધ પ્રકારો વિશે શિક્ષક અને વિદ્યાર્થીઓ માટે જીવનમાં ખૂબ જ હૃદયસ્પર્શી અને ઉપયોગી માર્ગદર્શન સહ પ્રેરણા આપવામાં આવી હતી.

ગાંધીનગરનું ગૌરવ

# શહેરના યુવાને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના ખેલપ્રેમી યુવાને આંતરરાષ્ટ્રીય ટેક્વોડો ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ હાંસલ કરીને ગાંધીનગર તથા ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

કુઆલાલમ્પુર, મલેશિયા ખાતે તાજેતરમાં પ્રથમ જેવિન ઈન્ટરનેશનલ ટેક્વોનડો ચેમ્પિયનશીપ યોજવામાં આવી હતી, જેમાં ૬૩ કિગ્રા વજનજૂથમાં ભાગ લઈને ગાંધીનગરના યુવાન નિશાંત કનૈયાલાલ ભાવસારે આ ગોલ્ડ મેડલ પોતાને નામ કર્યો છે. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં ભારત ઉપરાંત મલેશિયા, જાપાન, ઈન્ડોનેસિયા, નેપાળ, ભુતાન, ન્યુઝીલેન્ડ, રશિયા અને સિંગાપોરના ૧૨૬૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

ફર્સ્ટ ડેન બ્લેક બેલ્ટ નિશાંત ભાવસાર ગાંધીનગરના સેક્ટર-૨ ઉના રહેવાસી છે અને હાલ મસલ ફ્રિક જીમ, સેક્ટર-૨૧ ખાતે ફિટનેસ તથા માર્શલ આર્ટ ટ્રેનર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. છેલ્લાં પાંચ વર્ષથી તેઓ માર્શલ આર્ટ તાલીમ સાથે સંકળાયેલા છે અને પોતાની પ્રથમ જ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં તેમણે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે નિશાંત આ અગાઉ પાંચ વખત રાષ્ટ્રકક્ષાની માર્શલ આર્ટ સ્પર્ધામાં વિજેતા બની ચૂક્યા છે.

ગાંધીનગરના ખેલપ્રેમીઓ તરફથી નિશાંત તરફ અભિનંદનના પ્રવાહ વહી રહ્યા છે.

## જન્મદિને વધામણી



નરેન્દ્ર ડી રાવલ
મો. ૯૯૨૫૮ ૧૦૧૫૯



વૃતિકા યુ પાનવાલા
મો. ૯૮૯૮૫ ૭૫૬૫૦



માર્મિક ચંદ્રકાંત હાજીપરા



ગુજરાત રાજ્ય રમતગમત વિભાગ દ્વારા રાજ્યકક્ષાની રોલર હોકી સ્પર્ધા ગાંધીનગર સ્થિત સર્વ વિદ્યાલય પરિસર ખાતે યોજવામાં આવી હતી. મોટા ચિલોડા ખાતે કાર્યરત ઓમ લેન્ડમાર્ક સ્કૂલના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહથી ભાગ લઈ ત્રીજા ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું. આચાર્ય અને શાળા પરિવાર તરફથી વિજેતા ટીમ ને માર્ગદર્શક શિક્ષક સુરેશભાઈ ભરવાડને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





ખેલ મહાકુંભ અંતર્ગત ગાંધીનગર ગ્રામીણ જિલ્લા લોન ટેનિસ સ્પર્ધા (અંડર ૧૭, ભાઈઓ) તાજેતરમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં ભાગ લઈને ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના વિદ્યાર્થી મનન હિતેન્દ્ર ત્રિવેદીએ ઝળહળતું પરીણામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી.



કલોલ તાલુકા ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લઈ લીંબોદરા હાઈસ્કૂલે ટકાઉ કૃષિ પદ્ધતિ અંગેની કૃતિ પ્રસ્તુત કરી હતી, જેને પ્રથમ વિજેતાપદ પ્રાપ્ત થયું હતું. આ કૃતિ માટે વિદ્યાર્થીઓને ગણિત શિક્ષક મહેન્દ્રભાઈ દરજીએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ખો-ખો સ્પર્ધા




કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન દ્વારા ખો-ખોની સ્પર્ધા સે. ૧૬ની મહાત્મા ગાંધી સ્કુલ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૧૧ ટીમોએ ભાગ લીધો હતો. તેમાં MPCC કડી ચેમ્પીયન બની હતી અને HVHP કોલેજ કડી રનર્સ અપ બની હતી. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન અને સંચાલન યુનિવર્સીટીના ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજ્યુકેશનના ડીરેક્ટર ડો. રણછોડ રથવી, પ્રો. નૌરીન વેપન્ના, પ્રો. હરેશ વનારે કર્યું હતું. હર્ષ પટેલ, હર્ષદ ચૌધરી અને ભરત ચાવડાએ સક્રિય સહયોગ આપ્યો હતો.

કલાસેતુ મેગેઝીન, શશીકુંજ એકેડેમી અને સંગીત નાટક અકાદમીના ઉપક્રમે

# ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો' અને 'બજાબા'ની અભિનેત્રીઓને સન્માનાશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતી ફિલ્મ હેલ્લારોને ભારતની બધી જ ભાષાની ફિલ્મોમાં શ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર જાહેર થયો છે. આ ઉપરાંત આ ફિલ્મની ૧૩ અભિનેત્રીઓને પણ સંયુક્ત રીતે રાષ્ટ્રીય પુરસ્કાર જાહેર થયો છે. આ એક ઐતિહાસિક ઘટના કહી શકાય. ફિલ્મના દિગ્દર્શક તથા મોટા ભાગના કલાકારો અમદાવાદના જ છે.





આ ફિલ્મની ૧૩ અભિનેત્રીઓ ઉપરાંત ફિલ્મ 'બજાબા'ની અભિનેત્રીને વાડીલાલ ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ અભિનય માટે એવોર્ડ પ્રાપ્ત થયો છે. આવી ૧૪ નારી શક્તિઓને સન્માનવાનો કાર્યક્રમ ૨૨મી ઑક્ટોબર ને મંગળવારે સાંજે ૬ કલાકે શશીકુંજ એકેડેમી, સિંધુ ભવન પાછળ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો છે. કચ્છનાં ધારાસભ્ય ડૉ. નિમાબેન આચાર્ય અને અમદાવાદ મહાનગર પાલિકાનાં મેયર બિજલબેન પટેલ ઉપસ્થિત રહેશે.

કલાસેતુ મેગેઝીન, શશીકુંજ એકેડેમી તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.





તા.૨૦-૧૦-૨૦૧૯, રવિવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે શબ્દશ્રી અને કુમાર આર્ટસ ફાઉન્ડેશન દ્વારા જાણીતા કવયિત્રી રિન્કુ રાઠોડ 'શર્વરી'ના કાવ્યસંગ્રહ 'દ્રશ્યો ભીને વાન'ના વિમોચન નિમિત્તે ભવ્ય કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે જાણીતા ગાયકો દ્વારા ગઝલગાયન પણ થશે.

કવિ સંમેલન અંતર્ગત વિનોદ જોશી, મણિલાલ હ. પટેલ, હર્ષ બ્રહ્મભટ્ટ, હરદ્વાર ગોસ્વામી, રક્ષા શુક્લ, રમેશ ચૌહાણ, જીગર ઠક્કર, લતા કાનુગા, ભરત ભટ્ટ 'પવન', લતા હિરાણી, ચંદ્રેશ મકવાણા, ભાવિન ગોપાણી, મહેન્દ્ર પરમાર, ગણપત પટેલ, રિષભ મહેતા, ગાયત્રી ભટ્ટ, શૈલેષ પંડ્યા કાવ્યપાઠ કરશે. કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ કુમાર જૈમીની શાસ્ત્રી કરશે. કાવ્યરસિકોને આ પ્રસંગે પધારવા અને કાર્યક્રમો લાભ લેવા આયોજક સંસ્થાઓ તરફથી ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રી મુખવાણી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ તેમજ જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી શતામૃત મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે રાસોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# માથે બેડાં મૂકીને અમે રણમાં ૪ કિમી ચાલતાં

**નૅશનલ ઍવોર્ડ જીતનાર ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'નાં અભિનંત્રી જાગૃતિ ઠાકોર સાથે મુલાકાત : જુની રંગભૂમિનાં ખ્યાતનામ અભિનેત્રી મોતીબાઈ મારાં નાની થાય, ભિનય તથા નૃત્ય વારસામાં મળ્યાનો મને આનંદ અને ગર્વ છે**





ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો' આજકાલ ન્યૂઝમાં છે, આ ફિલ્મ વિશે, તેના મેકિંગ વિશે રસપ્રદ વાતો પણ બહાર આવી રહી છે ને તેનું ટ્રેઈલર પણ યુટ્યુબ પર ધૂમ મચાવી રહ્યું છે.

ભારતની ૪૦૦થી વધારે ફિલ્મ્સને પાછળ રાખીને શ્રેષ્ઠ ફિચર ફિલ્મનો ઍવોર્ડ આ ફિલ્મે જીતી લીધો છે એ વાચકો જાણે છે. આ ફિલ્મની ૧૩ અભિનેત્રીઓને



સંયુક્ત રીતે રાષ્ટ્રીય પુરસ્કાર પણ જાહેર થયો છે.

જાગૃતિ ઠાકોર આ પૈકીનાં એક અભિનેત્રી છે.

ફિલ્મના અનુભવ અને તૈયારી વિશે વાત કરતાં તેઓ જણાવે છે કે, 'લગભગ ફેબ્રુઆરી મહિનામાં અભિષેક શાહને ત્યાંથી મને આ ફિલ્મ માટેની ઓફર આવી હતી. અભિષેક શાહે મારી સાથે વાત કરી અને ફિલ્મની વાર્તા સમજાવી. આ ફિલ્મમાં ૧૯૭૫ના સમયની, કચ્છના આંતરિયાળ ગામની મહિલાઓની વાત છે. કચ્છમાં ખૂબ આંતરિયાળ ગામમાં રહેતી સ્ત્રી માટે પોતાની લાગણી વ્યક્ત કરવાનું કોઈ માધ્યમ ન હતું. પાણી ભરવું અને પોતાના પતિ સીવાય બીજા કોઈ જોડે વાત પણ ન કરવી એ જ તેમનું જીવન હતું. આવી સ્ત્રીઓનાં અંતરની વાત બહાર લાવવામાં કોઈ એક ઘટના કે વ્યકિત નિમિત્ત બને અને પરિવર્તનનો દોર શરૂ થાય એ જ આ ફિલ્મનું કથાનક છે. 'હેલ્લારો' એટલે એક એવું મોજું જે મુખ્ય પ્રવાહને બદલી નાખે, 'હેલ્લારો' એટલે દિલના ઊંડાણમાં દબાયેલી લાગણીને મળતો જોરદાર ધક્કો. આ ગુજરાતી ભાષાનો એક તળપદો શબ્દ છે.

૩૨ દિવસ સુધી આ ફિલ્મનું શૂટિંગ કચ્છના અંતરિયાળ વિસ્તારમાં કરાયું હતું, જ્યાં સેટ તરીકે એક આખું ગામ ઊભું કરવામાં આવ્યું હતું. અમારો વર્ક-શૉપ શરૂ થયો પછી અમને જે ઘર આપ્યાં હતાં ત્યાં અમે જતાં, ત્યાં અમે અમારા ઘર જાતે લિંપ્યાં છે, છતો પર ઘાંસ નાંખ્યા છે, બાવળીયા ભરાવ્યા છે, ઓટલા પણ બનાવ્યા છે. સાથે સાથે વર્કશોપનાં ભાગરુપે અમારે માથે પાણી ભરેલા માટલા મૂકી છૂટા હાથે ચાલવાનું હતું, જેનાથી દરેક એક્ટ રીયલ લાગે. આ માટે અમે દરરોજ રણમાં ૪ કિલોમીટર માથે માટલાં મૂકીને ચાલતા હતા.

પહેલાં અમને માટીના ઘડા આપવામાં આવતા હતા પછી પિત્તળનાં, જેમાં પાણી ભરેલું હોય. અમારી બોડી લેંગ્વેજ રિયલ લાગે એવી પ્રેક્ટીસ અમને કરાવવામાં આવી હતી.

ફિલ્મ મેકર્સની આટલી ઝીણવટ જ ફિલ્મને સફળતા તરફ લઈ જવામાં કારણભૂત બની છે. દર્શકોને પણ ફિલ્મ ગમશે જ એવો મને વિશ્વાસ છે.

અભિનય મારા જીન્સમાં જ છે એવું કહું તો કદાચ અતિશયોકિત નહીં જ લાગે. કારણ કે જુની રંગભૂમિનાં ખ્યાતનામ અભિનેત્રી મોતીબાઈ મારાં નાની થાય. અભિનય તથા નૃત્ય વારસામાં મળ્યાનો મને આનંદ અને ગર્વ છે.'

## જાગૃતિ ઠાકોર ફેક્ટ ફાઈલ



જાગૃતિ ઠાકોર એટલે લોકનૃત્ય અને અભિનય સાથે સંકળાયેલું એક પ્રતિભાશાળી વ્યકિતત્વ. તેઓ અત્યાર સુધી ૩૦ થી પણ વધુ એવોર્ડ મેળવી ચુક્યાં છે. ગુજરાતી ક્લાસીક અને ઈન્ટરનેશનલ થિયેટર કહી શકાય તેવાં લગભગ ૪૬ નાટકોમાં તેમણે પોતાની અભિનયક્ષમતા પૂરવાર કરી છે. આ ઉપરાંત ૨૪ જેટલી ટીવી સીરીયલ અને ૨૦ જેટલી ફિલ્મ્સમાં પણ પોતાના કિરદાર દ્વારા પ્રેક્ષકોનાં હૃદય અને સ્મૃતિમાં સ્થાન અંકિત કર્યું છે. આ યાદીમાં બે હિન્દી ફિલ્મ અને ૧ હૉલીવૂડ ફિલ્મ પણ સામેલ છે.

આ સાથે જ ૧૭૦ થી વધારે ડોક્યુમેન્ટરી અને ૩૩ થી વધારે શોર્ટ ફિલ્મ્સમાં કામ કરી ચુક્યાં છે. ફક્ત અભિનય જ નહીં પરંતુ સાથે સાથે ડાયરેકશનમાં પણ તેમણે સફળતા મેળવી છે. ૧૮ જેટલાં નાટકમાં તેઓ આસિસ્ટન્ટ ડિરેક્ટર રહ્યાં છે. ૧૧ ડોક્યુમેન્ટરી, ૭ સીરીયલ અને ૨ ટેલી ફિલ્મમાં ડિરેક્ટર તરીકે પણ કામ કર્યુ છે. આમ તેઓ અભિનય અને ડાયરેકશન ક્ષેત્રે સફળ રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે તેમના દ્વારા અભિનીત ફિલ્મ 'બાવરી' ૮ ઈન્ટરનેશનલ એવોર્ડ મેળવી ચૂકી છે. ઉપરાંત તેમને અમેરીકન લેખકો આર્થર મિલર, જ્યોર્જ બર્નાર્ડ શૉ. રશિયન લેખક ટોલસ્ટોય, ફ્રેન્ચ લેખક મોલિયર જેવા અનેક વિશ્વ પ્રસિદ્ધ લેખકોનાં નાટકોમાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ ઉપરાંત પદ્મશ્રી સિતાંશુ યશ્ચંદ્ર , પન્નાલાલ પટેલ, કનૈયાલાલ મુન્શી જેવા જાણીતા લેખકોની કૃતિઓ પર અનેક નાટકો તેમણે ભજવ્યાં છે. ટોલ્સટોયના નાટક "Power of Darkness" અને શિતાંશુ યશચંદ્રના નાટક 'એક સપનું બહુ શયતાની' જેવાં પ્રસિદ્ધ અને કઠિન કહી શકાય તેવાં નાટક માં મુખ્ય પાત્ર ભજવનાર જાગૃતિ ઠાકોરની અભિનય અને રંગમંચ પર કામ કરવાની શરૂઆત ઉંમરના એવા પડાવથી થઈ જ્યારે તેઓ પોતાના પરિવારની જવાબદારી સંભાળવામાં વ્યસ્ત હતાં.

ગુજરાતની લોકકલાઓ જેમ કે હુડો, રાસ, ગરબી, ટિપ્પણી, લાવણી તથા આદિવાસી નૃત્ય શિખવનાર સંસ્થા સહિયરનાં તેઓ ડિરેકટર છે અને તેઓની સંસ્થા ગુજરાત લોકકલા ફાઉન્ડેશને ભારતભરમાં અનેક કાર્યક્રમો કાર્યા છે.